# ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ. ગોધરા ખાતે ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા ખાતે ટ્રાયબલ સબ પ્લાન યોજના હેઠળ તા.૮/૧૧/૧૭ના રોજ તાલીમ શિબિર યોજાઇ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાયબલ સબ પ્લાન યોજનાના ભાગરૂપે આયોજીત મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ. ગોધરા ખાતે યોજાયેલ તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૧૦૦ ખેડૂત ભાઇ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડાં એમ.બી.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ)એ મકાઇની મુલ્ય વર્ધિત જાતો અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને એકમ ક્ષેત્રફળમાં વધુ નફો કઇ રીતે લઇ શકાય તે અંગે માહિતી આપેલી હતી. ડાં. પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઇ પાક્માં હાઇબ્રીડ બીજ વૃધ્ધી કાર્યક્રમ અંગે વાવેતર, રોગિંગ, નોંધણી, પેકીંગ વગેરે અંગેની માહિતી આપી હતી.

પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું તથા બાયોફર્ટીલાઇઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરની બચત કરી ખેતી ખર્ચ ઘટાડવા અનુરોધ કરેલ હતો.

ડાં.એસ.કે.સીંઘ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઇમાં રોગ અને જીવાતનું નિયંત્રણ અંગે માહિતી આપેલ હતી. ડાં. ભરતભાઇ ઠક્કરએ પ્રથમ હરોળના નિદર્શનના હેતુ, પાયાની બાબતો, અમલ, ફાયદા, ધ્યાનમાં રાખવાની બાબતો અને મકાઇની ટેકનોલોજી અંગેની માહિતી આપી હતી તેમજ ખેડુતોની મુશ્કેલીઓનુ નિવારણ કરેલ હતુ. મકાઇ સંશોધન કેન્દ્ર ખાતે આવેલ મ્યુઝીયમની મુલાકત કરાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના ડાં.ભરતભાઇ ઠક્કરએ કરેલ હતું



